# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪/~~૧૩૬૩૩~~ ૧૩૬૩૩ તા. ૧૩/૦૯/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

જિ.સુરત

વિષય:-નેશનલ અચિવમેટ સર્વે ૨૦૨૪ ના આયોજન બાબત.

સંદર્ભ:-જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતનો, પત્ર ક્રમાંક નં ડાયેટ/ CCMDE/research/24-6295-97 તા.૦૯/૦૯/૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતનો તા.૦૯/૦૯/૨૦૨૪ પત્ર અન્વયે નેશનલ અચિવમેટ સર્વે ૨૦૨૪ તા.૧૯ નવેમ્બર-૨૪ ના રોજ સમગ્ર દેશમાં યોજાનાર છે. જેમાં બાળકો ઉત્કૃષ્ઠ દેખાવ કરી શકે તે હેતુથી આગોતરુઆયોજન બાબતે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

Scanned with OKEN Scanner

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાનરોડ, સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટની સામે, ભેસ્તાન, સુરત-૩૯૫૦૨૩
Phone: (0261)2916003, 2916040 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org


જા: ક્રમાંક/ડાયેટ/CMDE/research/૨૪- 6295-97 તા. ૯/૯/૨૪

પ્રતિ,
જીલા શિક્ષણ અધિકારીશ્રી ,જી.શિ.અધિકારી કચેરી સુરત
જી.પ્રા.શિ.અધિકારીશ્રી જી.પં.શિ.સમિતી સુરત
શાશનાધિકારીશ્રી ન.પ્ર.શિ.સમિતી સુરત

વિષય :- નેશનલ અચિવમેટ સર્વે ૨૦૨૪ ના આયોજન બાબત
સંદર્ભ:- જીસીઈઆરટી - ગાંધીનગરના તા : ૬/૯/૨૪ પત્ર ક્રમાંક/સંશોધન/૧૯૬૨૬-૫૯

જયભારત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નેશનલ અચિવમેટ સર્વે ૨૦૨૪ તા : ૧૯ નવેમ્બર -૨૪ ના રોજ સમગ્ર દેશમાં યોજાનાર છે. જેમાં બાળકો ઉત્કૃષ્ઠ દેખાવ કરી શકે તે હેતુથી આગોતરુ આયોજન કરવા દરેક શાળાને જાણ કરવા વિનંતી છે. આ પ્રકારની કસોટીઓના મહાવરા હેતુસર આ સાથે કેટલુક સાહિત્ય આપને સુપરત કરીએ છીએ. તે તમામ શાળાને અવશ્ય પહોંચાડવાનું રહેશે. જેથી બાળકોને અનુભવ મળી રહે. તા : ૧૯ નવેમ્બર -૨૪ ના રોજ યોજાનાર છે. જેમાં નમુનામાં જેશાળાનું જે ધોરણ પસંદ થાય તે ધોરણ ના વધુમાં વધુ ૩૦ બાળકોની કસોટી યોજાસે . શાળાઓ એન.સી. ઈ.આર. ટી - નવી દિલ્હી ફાળવશે.

બિડાણ : જીસીઈઆરટી - ગાંધીનગરના તા : ૬/૯/૨૪ પત્ર ક્રમાંક/સંશોધન/૧૯૬૨૬-૫૯

આભાર સહ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરત

૯/૯/૨૪

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 5415
તારીખ :-
શાખા :-
સહી :-

Scanned with OKEN Scanner

सचिव

ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2024-25/ 19626-59
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 06 -09 -2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ National Achievement Survey- 2024 ની પુર્વ તૈયારી માટે જરૂરી આયોજન કરવા બાબત.
સંદર્ભઃ તા.5-9-24ની શાખાનોંધ પર માન.નિયામકશ્રીની મળેલ અનુમતિ અન્વયે.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીસીઈઆરટી દ્વારા દર વર્ષે પસંદિત ધોરણના વિદ્યાર્થીઓની લર્નિંગ આઉટકમ આધારિત શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે GAS(Gujarat Achievement Survey) હાથ ધરવામાં આવે છે. તે જ રીતે રાષ્ટ્રીય કક્ષાએથી નિયત વર્ષે પસંદિત ધોરણોમાં NAS(National Achievement Survey) નું આયોજન કરવામાં આવે છે.

વર્ષ 2024-25 માં Ministry of Education – PARAKH દ્વારા લર્નિંગ આઉટકમ આધારિત રાષ્ટ્રીય સિદ્ધિ સર્વેક્ષણ- (National Achievement Survey) -2024 નું આયોજન <u>તા.19th November, 2024ના રોજ ધોરણ 3,6, અને 9 માં</u> સમગ્ર દેશમાં કરવામાં આવનાર છે. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓની પસંદિત શાળાઓ- (સરકારી/અનુદાનિત/સેલ્ફ ફાઈનાન્સ/અન્ય) નો સમાવેશ કરવામાં આવનાર છે.

આ સર્વેનો મૂળભૂત ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણી શિક્ષણના વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય (Remedial Teaching) હાથ ધરવાનો છે. આ સર્વેના માધ્યમથી જિલ્લાવાર, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તેમજ લર્નિંગ આઉટકમ વાર સિદ્ધિ જાણવા મળે છે. જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેની શૈક્ષણિક યોજના તૈયાર કરવા માટે તેમજ તમામ સ્તરે શાળાઓને જરૂરી પ્રતિપોષણ આપવા ઉપયોગી બને છે.



Scanned with OKEN Scanner

National Achievement Survey- 2024માં સમાવિષ્ટ ધોરણ,વિષયો તથા અન્ય વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સમાવિષ્ટ ધોરણ | સમાવિષ્ટ વિષય |
|---|---|---|
| 1 | 3 | ભાષા, ગણિત, પર્યાવરણ (The world Around Us / આપણી આસપાસની દુનિયા) |
| 2 | 6 | ભાષા, ગણિત, પર્યાવરણ (The world Around Us / આપણી આસપાસની દુનિયા) |
| 3 | 9 | ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન |

NAS-24 ના માળખા અનુસાર -

NAS-24 નાં ધોરણ 3 ના કસોટીપત્રોમાં માં ફાઉન્ડેશનલ સ્ટેજના માપન માટે ધોરણ 1 અને ધોરણ 2ના વિદ્યાર્થીઓની વય કક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત તેમજ વ્યવહારિકતા ચકાસતાં પ્રશ્નો પૂછવામાં આવશે. તે જ રીતે ધોરણ 6 માં પ્રિપેરેટરી સ્ટેજના માપન માટે ધોરણ 3 થી 5 વય કક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત અને વ્યવહારિકતા ચકાસતાં પ્રશ્નો પૂછવામાં આવશે.

જ્યારે ધોરણ 9 માં મિડલ સ્ટેજનું માપન કરવા માટે ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત અને અને વ્યવહારિકતા ચકાસતા પ્રશ્નો પૂછવામાં આવશે.

Performance Grading Index માં NAS ના પરિણામને ધ્યાને લેવાતું હોઈ સદર સર્વેમાં રાજ્યના સર્વેમાં સમાવિષ્ટ તમામ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ દેખાવ કરી શકે અને રાજ્યના શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવી શકાય તે હેતુથી ધોરણ 3, 6 અને 9 નાં વિદ્યાર્થીઓને NAS ની પેટર્ન અનુસાર સામાન્ય રીતે પુછવામાં આવતા પ્રશ્નોનો મહત્તમ મહાવરો થાય એ જરૂરી છે.

આ પ્રકારના પ્રશ્નોની તૈયારી માટે જીસીઈઆરટી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રયાસ અનુસાર આ પત્ર સાથે મૂકવામાં આવેલ QR કોડ સ્કેન કરીને જુદાં જુદાં વિષયોની નમૂનારૂપ પ્રશ્નબેંક મેળવી શકાશે.

આ ઉપરાંત જીસીઈઆરટીના માસિક સામયિક - જીવન શિક્ષણના NAS , પ્રશ્ન વૈવિધ્ય વિશેષાંક, જેવા ચાર અંકો આ સાથે pdf સ્વરૂપે જોડવામાં આવેલ છે. આ ઉપરાંત "એક કદમ આગળ" કલમ - અંતર્ગત જીવનશિક્ષણમાં આપવામાં આવતા મહાવરા માટેના પ્રશ્નો – જે જીસીઈઆરટીની સાઈટ્સ પર પણ ઉપલબ્ધ છે. જેનો પણ ઉપયોગ કરશો. નવેમ્બર માસમાં યોજાનાર NAS માં વધુ સારું પરિણામ મેળવવા માટે જીસીઈઆરટીની સાઈટ્સ પર ટૂંક સમયમાં ઉપલબ્ધ થનાર HOTS આધારિત પ્રશ્નબેંકનો તેમજ શિક્ષક કે અન્ય સ્ટેકહોલ્ડર્સ પાસે ઉપલબ્ધ આ પ્રકારના પ્રશ્નોનો જિલ્લાની તમામ શાળાઓમાં સર્વે સબંધિત ધોરણોમાં શિક્ષણકાર્ય કરાવવામાં આવે અને વિદ્યાર્થીઓને મહાવરો કરાવવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરશો. મહાવરા સમયે જ્યારે વિદ્યાર્થી ખોટો જવાબ આપે ત્યારે તેનું કારણ જાણી તેની સંકલ્પના, માન્યતા કે ધારણામાં ગેરસમજ હોય તો તે જાણી નિદાન – ઉપચાર કરવાનો પ્રયાસ કરાવવો. વાચન – અર્થગ્રહણની ક્ષમતાનો વિકાસ થાય તે બાબત પર વધુ ભાર મુકવો



Scanned with OKEN Scanner

આ પ્રકારના પ્રશ્નોના મહાવરા સંદર્ભે તમામ શાળાઓમાં આયોજનબધ્ધ કામગીરી થાય તે મુજબ આપની કક્ષાએથી શાળા સુધીનું જરૂરી આયોજન અને માર્ગદર્શક રૂપરેખા તૈયાર કરી કાર્યવાહી હાથ ધરવા વિનંતિ છે.

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ : -ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની પ્રશ્નબેંક- માટે નીચેનો QR-Code scan કરશો.

-જીવનશિક્ષણ — અંક (1) October-13 (2) September-13 (3) July-17 (4) August-17

નકલ રવાના : જાણ સારુ.

- માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.



Scanned with OKEN Scanner